# રાજ્યના ૧૬ જિલ્લાના ૪૭ તાલુકામાં મેઘાની મહેર

ગાંધીનગર, તા. ૧૨

સૌરાષ્ટ્રમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે. જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં ૯ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાવાના અહેવાલો સાંપડી રહ્યા છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પૂરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજયના ૧૬ જિલ્લાના ૪૭ તાલુકાઓમાં એક ઈંચથી ૯ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છે.

લાબા સમય રાહ જોવડાવ્યા બાદ ગઈકાલથી મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. જૂનાગઢ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં બે દિવસથી મેઘ વરસી રહ્યો છે. માંગરોળ તાલુકામાં ૯ ઈંચ જેટલો ભારે વરસાદ થતાં નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. ઉના તાલુકાના સંખેડામાં પણ દોઢ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છે.

જૂનાગઢ ઉપરાંત પોરબંદર જિલ્લાના કુતિયાણામાં પણ આઠ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાવા પામ્યો છે. જૂનાગઢ પોરબંદર ઉપરાંત અમરેલી જિલ્લાના પણ કેટલાક તાલુકાઓમાં મેઘરાજાએ મન મુકીને પધરામણી કરી છે.

આજે દિવસ દરમ્યાન પણ રાજકોટ શહેરમાં અને ગોંડલમાં મેઘાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. ગોંડલમાં ભારે વરસાદને કારણે એક જર્જરીત મકાન ધરાશયી થયુ હોવાની ઘટના પણ બનવા પામી હોવાનું જાણવા મળે છે. સૌરાષ્ટ્ર પછી મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં પણ મેઘસવારી આવવા પામી છે. આજે બપોર બાદ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં પણ વરસાદ શરૂ થવા પામ્યો હતો.

દક્ષિણ ગુજરાતના વલસાડમાં આજે સવારથી જ ધોધમાર વરસાદ શરૂ થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા જનજીવનને અસર થવા પામી હતી અને વાહનવ્યવહાર ખોરવાઈ જવા પામ્યો હતો.

આજે દિવસ દરમ્યાન પણ સૌરાષ્ટ્ર અને મધ્યગુજરાતના કેટલાક વિસ્તારોમાં ધીમી ધારે મેહુલીયો શરૂ થવા પામ્યો હતો. વરસાદ થતાં લોકોએ ગરમીથી રાહત મેળવી હતી.







શ્રી ઝુલેલાલ મંદિર સેકટર-૩૦ ખાતે ગુરૂપૂર્ણિમાના પાવન દિવસે ભકિતપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં આચાર્યાશ્રી સંતોકબેન ચૌધરીના રાહબરી હેઠળ ગુરૂપૂર્ણિમા ઉજવાઈ હતી. પ્રથમ તબક્કામાં ઈનામ વિતરણ સમારોહ રાખેલ હતા. ધો. ૯ થી ૧૨ની વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવેલ હતા. ગુરૂ વિશે જ્ઞાનની વહેંચણી શિક્ષકશ્રીઓ તથા વિદ્યાર્થીની દ્વારા કરવામાં આવી. સ્વામી વિવેકાનંદ સંસ્થાના પ્રવક્તા શ્રી રજનીભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્માકુમારીઝ શ્રી ભાવનાબેને શાંતિનો સંદેશ પાઠવ્યો હતો. કેમ્પસ ડાયરેક્ટરશ્રી ગણેશભાઈ ચૌધરી તથા ઉપપ્રમુખ સેંધાભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. ઈનામના દાતાશ્રી મણીબેન દેસાઈ હતા. હિનાબેન શુકલ, મંત્રીશ્રી કાનજીભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. સુપરવાઈઝર શ્રી સુલભાબેન દલાલે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી ભાનુબેન સુથાર તથા ઉર્મિલાબેન ચૌધરીએ કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## જાફરાબાદના ટીંબીની રૂપેણ નદીમાં ઘોડાપુર : ત્રણ કેબીનો તણાઈ

અમરેલી જિલ્લાના જાફરાબાદમાં ટીંબીની રૂપેણ નદીમાં ઘોડાપુર આવતાં આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. રાજ્ય પૂર નિયંત્રણકક્ષ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ મનમુકીને પધરામણી કરી હતી. જાફરાબાદમાં ભારે વરસાદ થતાં ટીંબીની રૂપેણ નદીમાં ઘોડાપુર આવવા પામ્યું હતું. રૂપેણ નદીમાં ઘોડાપુર આવતાં ત્રણ કેબીનો પુરમાં તણાઈ જવા પામી હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત ઘોડાપુરને કારણે આજુબાજુના વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હોવાનું જાણવા મળે છે.

## ઠાકોરજીના હિંડોળા ઝુલાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૨૧માં આવેલ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ૧૩ જુલાઈથી ૧૧ ઓગષ્ટ સુધી સાંજે ઠાકોરજીના હિંડોળા ઝુલાવવામાં આવશે. દરરોજ ઠાકોરજીના સુરંગના હિંડોળા,લીલી ઘટાના હિંડોળા, કસુંબી ઘટાના હિંડોળા, ખારેકના હિંડોળા ઝુલાવવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના વૈષ્ણવોને લાભ લેવા રસિકભાઈ ગાંધીએ જણાવ્યું છે.

# તલોદના ગૌરીવ્રતમાં લુખ્ખા તત્વોની રોમિયોગીરી વિલન બની

## વહેલી સવારથી મંદિરે પૂજા કરવા જતી કુમારિકાઓની ફિલ્મી ઢબે બાઈકો પર પીછો કરી બેફામ ઠઠ્ઠા મશ્કરી કરતા તત્વોને ઝબ્બે કરવા માંગ

તલોદ, તા. ૧૨

તલોદમાં ગૌરીવ્રતના કારણે ધાર્મિક માહોલ સર્જાયો છે. પરંતુ કેટલાક લુખ્ખા તત્વોની રોમિયોગીરીના કારણે યુવતિઓ ચિંતિત બની છે. ઠેર ઠેર મંદિરો અને શાળા-કોલેજના માર્ગ પર ફિલ્મી ઢબે બાઈકો પર પીછો કરી ઠઠ્ઠા મશ્કરી કરતા આ તત્વોથી વ્રત કરનારી બાલિકાઓ સહિત તેમના વાલીઓ પણ ત્રસ્ત થવા પામ્યા છે.


તલોદમાં સુપ્રસિદ્ધ એકલિંગેશ્વર મહાદેવના મંદિરે કુમારિકાઓ ગૌરીવ્રત કરવા આવનજાવન કરે છે ત્યારે આ રોમિયોગીરી કરતા યુવકોની શાબ્દિક છેડછાડનો ભોગ બને છે. આ ઉપરાંત નગરની શાળાઓ, કોલેજો, બગીચા અને મંદિરો તરફના મુખ્ય માર્ગો પર પણ આવા લુખ્ખાતત્વો તેમના અઙ્ડા જમાવેલા જોવા મળી રહ્યા છે. યુવતિઓને યેનકેન પ્રકારે પોતાની તરફ આકર્ષવા મથતા આ રોડરોમિયોને કારણે બહેન-દીકરીઓનું હરવુ-ફરવું મુસ્કેલ બની ગયુ છે. ધાર્મિક વાતાવરણમાં આ તત્વોની ડખલગીરીથી કુમારિકાઓના મા-બાપ પણ ચિંતિત બન્યા છે. પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ વડે આ લુખ્ખાતત્વો પર કડક હાથે કાર્યવાહી કરવામાં આવે અને તેમને ડામવામાં આવે તેવી સમગ્ર નગરમાં માંગ ઉઠવા પામી છે. કોઈની પણ બીક વગર યુવતીઓને હેરાન પરેશાન કરતા આ તત્વોની દિવસે ને દિવસે વધુ હિંમત ખુલતી જતી હોઈ સત્વરે પગલા લેવાય તેવી માંગણી નગરજનો કરી રહ્યા છે.

## વાલમ બ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળની મીટીંગ ૨૦મી જુલાઈએ યોજાશે

ચુંવાળ, વઢિયાર, ઝાલાવાડ અને દશકોશી વિભાગમાં વસતા વાલમ બ્રાહ્મણોનું મંડળ ચાર જથ્થા વાલમ બ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળની સામાન્યસભા તા. ૧૩મી જુલાઈએ અમદાવાદમાં યોજવાની હતી. જે અનિવાર્ય સંજોગોના કારણે મોકુફ રાખેલ છે. હવે તા. ૨૦મી જુલાઈએ સામાન્યસભા યોજાશે. શ્રી રાજેન્દ્રભાઈ ભટ્ટ, શ્રી સુધીરભાઈ મહેતા, શ્રી જગદિશભાઈ ભટ્ટે જણાવેલ છે.

## લડત સમિતિના અધ્યક્ષ નિમાયા

ગાંધીનગર, તા. ૧૧



તાજેતરમાં ગુજરાત રાજ્ય ચોથા વર્ગ કર્મચારી મંડળની બેઠક યોજવામાં આવી હતી. જેમાં વર્ષ-૨૦૧૪-૧૫ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. બેઠકમાં રામાજી મંગાજી ઠાકોરની લડત સમિતિના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. ઠાકોરની વરળી કરવામાં આવતા વર્ગ-૪ કર્મચારી મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# પ્રાંતિજમાં અનોખા 'ગુરૂપૂજન' દ્વારા ગૂરૂપૂર્ણિમા ઉજવાઈ

## વિદ્યાર્થીઓએ ભૂતપૂર્વ શિક્ષકોના ઘરે જઈને ગુરૂપૂજન કરી શાલ ઓઢાડી : મંદિરોમાં ભાવિક ભકતો ઉમટી પડયા



પ્રાંતિજ, તા.૧૨

પ્રાંતિજ તાલુકામાં આજે ગુરૂપૂર્ણિમાના પવિત્ર તહેવારની ભારે હર્ષોલ્લાસથી ઉજવણી કરાઈ હતી. અસંખ્ય ભકતોએ સદગુરુદેવની પાદૂકાપૂજન અને દર્શનનો લાભ લીધો હતો જયારે શાળાઓમાં પણ ગુરૂપૂજનના કાર્યક્રમો યોજાયા હતા.

પ્રાંતિજ નજીક આવેલ સાંપડ ખાતેના સુપ્રસિધ્ધ પૌરાણિક મહાકાળી મંદિરે ભવ્ય યજ્ઞ તેમજ સત્સંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ દર્શનનો લાભ લીધો હતો. આ ઉપરાંત શેઠ પી એન્ડ આર હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગમાં ગુરૂપૂજનનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ શાળાના નિવૃત્ત થયેલા ગુરૂઓના ઘરે જઈને ગુરૂપૂજન કરી તેમને મોં મીઠું કરાવી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ શિક્ષકોમાં જગદીશભાઈ રાવલ, જયંતિભાઈ ત્રિવેદી, શારદાબેન ત્રિવેદી, કે.ટી. મોદી અને ધર્મિષ્ઠાબેન શાહનો સમાવેશ થાય છે.

## ચેઈન સ્નેચર્સ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લઈને રફૂચક્કર થઈ ગયો હતો. ક્રીમાબેનની ફરિયાદ લઈ સે-૭ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. નોંધનીય બાબત છે કે અગાઉ થોડા મહિના પહેલા ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ખાતે આવેલા આદર્શનગર વિસ્તારમાં રહેતા નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર ઘરે બેઠા હતા ત્યારે પૂનમ કુરિયર્સનું નામ દઈ કુરિયર બોય ઘરમાં ઘૂસ્યો અને નિવૃત્ત અધિકારીના ગળામાં હાથ મારીને દોઢ તોલાનો સોનાનો દોરો ખેંચીને ચેઈન સ્નેચર ભાગી ગયો હતો. હકીકતે તેમણે બે દિવસ પહેલા જ કુરિયર આવ્યું હતું. આ જ મોડસ ઓપરેન્ડીથી અગાઉ સે.૩ માં એક વૃદ્ધાનો દોરો પણ ખેંચાયો હતો. તેમને પણ બે દિવસ અગાઉ કુરિયરનું પાર્સલ આવ્યું હતું. તેથી એક બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે આ શખ્સને કુરિયરની માહિતી પાક્કી હોય છે. કોઈ કુરિયર બોય તેને બાતમી આપતો હોય તે પણ સંભવ છે અથવા કોઈ કુરિયર બોય પર તે ખાસ બારીકાઈથી વોચ રાખતો હોય અને પછીથી તે જયાં ગયો હોય તે મકાનમાં પહોંચી જઈ કુરિયર બોયની ઓળખ આપીને વિશ્વાસમાં લઈ ચેઈન સ્નેચિંગ કરી જતો હોય. પોલીસે તે દિશામાં ઝીણવટભરી તપાસ આરંભી છે.

## રૂ. ૨૫નો વધારો કર્યો


● અનુસંધાન પહેલાનું ચાલુ

બદલાયેલા વહીવટીય માળખાને લીધે તેમાં ઘણા મહત્વના તમામ ક્ષેત્રોમાં ફેરફાર કરાયા છે અને જેના લીધે અન્ય જિલ્લા સંઘોના વહીવટીય માળખા સાથે મધુર ડેરીના વહીવટીય માળખાને પણ સારી રીતે સરખાવી શકાય.

તેમણે જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં મધુર ડેરી એક માત્ર એવી સંસ્થા છે જે પશુપાલકોને રૂ. ૬૦૦ ફેટના ભાવ ચુકવી રહી છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં આજે પણ દૂધની અછત જોવા મળે છે. દૂધ બહારથી ખરીદ કરવું પડતું હોવાથી વહીવટમાં મુશ્કેલીઓ પડે છે. આ બધી બાબતોને ધ્યાને લેતા ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ જેને મધુર ડેરીના નામે ઓળખવામાં આવે છે તેમાં પશુપાલકોને વધુ ભાવ આપવા અને છતાંય દૂધ વપરાશ કરતા ગ્રાહકો પાસેથી પ્રમાણમાં ઓછા ભાવો વસુલ લેવા આ પ્રયોગો શરુ કરવામાં આવ્યા. ફેડરેશન સાથે જોડાયેલો આ જિલ્લા દૂધ સંઘ જયારે ફેડરેશનમાં દૂધ વેચાણના ભાવો વધતા હોય ત્યારે પોતાની મર્યાદામાં રહીને દૂધ ખરીદ કરતા ગ્રાહકોને પોષાય તેવા ભાવો રાખી દૂધ ઉત્પાદકોને વધુને વધુ ભાવો આપી શકાય તેવા પ્રયત્નો કરતો રહ્યો છે. ખાલી દૂધ ઉત્પાદકોને ભાવ વધુ મળે એટલું વ્યાજબી નથી પરંતુ દૂધની આડ પેદાશો જેવીકે દહીં, પનીર, છાશ, માખણ, આઈસ્ક્રીમ આ બધી જ વસ્તુઓ બજારમાં ગુણવત્તા સાથે વ્યાજબી ભાવથી વેચાય એવા પ્રયત્નો આજે પણ કરવામાં આવે છે. દાખલો આપવો હોય તો આપી શકાય કે, અમુક કે એન.ડી.ડી.બી. (માહી)ના છાશના વેચાણના ભાવ કરતા આજે પણ ગાંધીનગર મધુર ડેરીની મધુર છાશના ભાવ ગુણવત્તામાં છાશ હોવા છતાં લીટરે ૨ રૂપિયા છે. તાજેતરમાં જ ગુજરાત રાજયના બધા જ જિલ્લા સંઘો કરતા ઉંચો ચુકવવામાં આવતો દૂધ ખરીદનો ભાવ રૂ. ૬૦૦ એટલે કે, ખરીદીમાં કિલો ફેટે કરવામાં આવેલો વધારો દૂધ ઉત્પાદકોના હિતમાં કરાયો છે.

## શબ્દાવલી - ૫૪૪૫



### આડી ચાવી

૧. છાની વાતો (૬)
૫. રામાયણ, રામની વાતો(૪)
૭. કુળવાન, સારા ઘરનું (૪)
૧૦. ખુણાનું, છેડાનું (૩)
૧૧. જાન રેડીને કર્યું હોય તેવો (૪)
૧૩. મારફાડ, તોફાન (૪)
૧૪. ભગવાન, અલ્લાહ (૨)
૧૭. લોટકુ, બળવાન (૨)
૧૯. બે વિરોધ પક્ષને સમજાવી સમાધાન કરાવવું તે (૪)
૨૨. જીગરી, દિલી (૫)
૨૩. ભરેલુ ના હોય તેવું (૨)

### ઊભી ચાવી

૧. પ્રે, છાપવાનું મશીન જયાં રાખેલ હોય તે જગ્યા (૪)
૨. 'રાતી'નું ઊંધુ (૨)
૩. ત્રણ કલાક, પહોર (૨)
૪. દુઃખ, દર્દ (૨)
૬. રણકો કરે તેવો ચાંદીનો રૂપિયો (૪)
૮. પોલું ના હોય તેવું (૩)
૯. દાડમનું વૃક્ષ (૪)
૧૧. ખબર, ખ્યાલ (૨)
૧૨. ઇરેજર, પેન્સિલનું લખાણ ભૂંસવ... જોઇએ (૩)
૧૫. શાહજીરૂ (૩)
૧૬. તરતનું, નવું (૨)
૧૮. ધૂતારો (૨)
૧૯. શિક્ષા, દંડ (૨)
૨૦. વિચાર કરનાર ઇન્દ્રિય (૨)
૨૧. મરીયા, મરી (૨)

### શબ્દાવલી ૫૪૪૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) સ્ટેશન (૪) નીસરણી (૬) શકટ (૭) કર (૮) નળ (૧૦) પાયરી (૧૩) વલવલાટ (૧૫) બાવરચી (૧૬) પાલ (૧૭) હાલીમલાવી (૨૧) ઉપજાઉ (૨૨) તુમાખી (૨૩) ચણ (૨૪) સળી

**ઊભી ચાવી :-** (૧) સ્ટેશનરી (૨) શકળ (૩) નટ (૪) નીક (૫) સરપાવ (૯) પાવરહાઉસ (૧૧) યલા (૧૨) રીટ (૧૪) લઅલી (૧૫) બાલપણ (૧૬) પાઉચ (૧૮) મતુ (૧૯) વામા (૨૦) લીખીયું

## વગેરે... વગેરે... ● બીજા પાનાનું ચાલુ

બેન્કચોરમાં કપિલની જગ્યાએ રીતેશ દેશમુખના નામની ઘોષણા કરી દીધી અને કપિલના હીરો બનવાના અને બોલીવુડની ફિલ્મમાં કામ કરવાના અરમાનો પર પાણી ફરી વળ્યું. એની સાથે જ કોમેડી સર્કસમાં કામ કરનારા બીજા કોમેડીયનો હિન્દી ફિલ્મોમાં કામ કરતા થઈ ગયા છે જેમ કે સુદેશ લેહરી સલમાનની રેડ્ડીમાં દેખાયેલો તો ક્રિષ્ના બોલબચ્ચન અને અક્ષયની આગામી એન્ટર ટેઈનમેન્ટ ન.૧માં પણ દેખાશે. પણ ટેલેન્ટેડ અને કોમેડીનો શહેનશાહ હોવા છતાં પણ કપિલને એના બોલીવુડ ડેબ્યુ માટે હજુ રાહ જોવી પડશે એવું લાગે છે. આખા બનાવ પર કપિલની -તિક્રિયા એવી છે કે હું મારા શોના ભોગે ફિલ્મી હીરો બનવા નથી માંગતો. એનું કહેવું છે કે આજે હું જે કઈ પણ છું એ કોમેડી નાઈટ્સને લીધે છું અને કલર્સ ચેનલે મારા પર વિશ્વાસ મૂકીને મારા શો ને સ્લોટ આપ્યો એ વિશ્વાસને તોડીને હું આગળ વધવા નથી માંગતો.કપિલનું કહેવું છે કે શો ની ખાતિર મેં ફરહાન અખ્તરની ફિલ્મને પણ નાં પડેલી છે. સાચું ખોટું રામ જાણે અને કા તો કપિલ પણ અત્યારે તો યશરાજ ફિલ્મ્સે કપિલને બાબાજી કા ઠુંલ્લુ બતાવી દીધેલ છે એ હકીકત છે.અને આ સિંગર - હીરો બનવાની કપિલની તમન્ના પર એના શો માં આવે છે એમ લાલ પડદો પડી ગયો છે!!!

સિંગર પરથી યાદ આવી ગયું અત્યારે યુવાવર્ગ સહીત બધાને હોઠે ચડી ગયેલું એક ગીત. જેમ આલોકનાથના નામે સંસ્કારી અને આશીર્વાદવાળા પુણ્ય મેસેજો ફરતા થયેલા એવી જ રીતે કરન જોહરના શો માં ભારતના રાષ્ટ્રપતિ પૃથ્વીરાજ ચૌહાણ છે એવું બુદ્ધિનું -દર્શન કરીને ડમ્બ પુરવાર થયેલી આલિયા ભટ્ટે - ઉર્ફે - અલુ (આલિયાને એની મમ્મી સોની રાજદાન પ્યારથી - અલુ - નામે બોલાવે છે ) એ અતિ મધુર અવાજે- મૈ તેનું સમજાવા કે - ગાઈને પોતે ડમ્બ નથી એનું દર્શન આઈ મીન શ્રવણ કરાવ્યું છે. જો કે આ પહેલા આ અર્ધ-ગુજ્જુ એક્ટ્રેસ હાઈવેમાં પણ એક ગીત લલકારી ચુકી છે પણ મૈ તેનું સમજાવા સાચા અર્થમાં સુપરહીટ પુરવાર થયું છે. હમ્પટી શર્માકી દુલ્હનિયા નું આ ગીત મૂળ તો અરીજીતસિંહ અને શ્રેયા ઘોષાલે ગાયેલું છે પણ આલીયાએ ગાયેલું અનપ્લગ વર્ઝન વધુ હીટ અને લોકપ્ર્યિ થયું છે. જો કે મૈ તેનું સમજાવા એ અસલમાં રાહત ફતેહઅલીખાને પંજાબી ફિલ્મ- વિરસા માટે ગાયેલું છે જેનું આ રીમેક વર્ઝન છે છતાયે આંખ બંધ કરીને આ ગીત સાંભળતા જ આલિયાએ અગાઉ જનરલ નોલેજના નામે આપેલા બધા મુર્ખામીભર્યા જવાબો ભૂલી જવાય છે. લાગે છે કે આલિયાની આગામી ફિલ્મોમાં પણ આપણને - અલુ - નો આ મધુર અવાજ સાંભળવા મળતો રહેશે.

રીમાંઈન્ડર -

કપિલ ના શો માં આવેલા માસ્ટર શેફ સંજીવ કપૂર ને કપિલે પૂછ્યું - તમને ક્યારે ખબર પડેલી કે તમારામાં રસોઈનું જ્ઞાન છે? સંજીવ કપૂર નો માસ્ટર સ્ટ્રોક - હું ત્રણ મહિના નો હતો ત્યારે મેં પહેલી વાર નાન બનાવેલી.

## ૬ માસની કેદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલમ ૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની ચોથા એડીશનલ ચીફ જયુ. મેજી. કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે જગદીશસિંહ વાઘેલા તેમજ પ્રકાશ ટી. રાવળે દલીલો કરી હતી. જે દલીલો અને પુરાવાને ધ્યાન લઈ જજ પી.એન. દવેએ આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ના ગુનામાં ૬ માસની સાદી કેદની સજા તેમજ રૂ.૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ ત્રણ માસની કેદની સજા માટે પણ આદેશ કર્યો છે.


ટચૂકડી જાહેર ખબર

**ફ્લેટ વેચવાનો છે**

ગ્રાઉન્ડ ફ્લોર, 2BHK, પાછળ ખુલ્લી જગ્યા (લીગલી), સેક્ટર-૨૮, ગાંધીનગર

મો. : ૯૯૨૪૬ ૬૦૦૯

ફોન : ૨૩૨૧૧૦૬૪

**ઓફિસ ફર્નિચર વેચવાનું છે**

બે ટેબલ-૬૦૦,
બે ડોર-૩૦૦૦, કબાટ-૨૦૦૦

મો. : ૯૭૧૪૯ ૧૮૯૯૫

**LIC's (NPS)**

૧૨૦૦૦ માસિક પેન્શન આજીવન, ૩૦ લાખ વીમા કવચ આજીવન, માત્ર રૂ. ૬૦/-ની રોજની બચત

મો. : ૯૪૨૬૧ ૭૧૮૫૮


## જાહેર નિવિદા

### આંગણવાડી કાર્યકર / તેડાગરની ભરતી બાબત

સંકલિત બાળ વિકાસ યોજના ગાંધીનગર ઘટક-૧, ૨માં નીચે જણાવેલ ગામોના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર અને તેડાગરની ખાલી પડેલ જગ્યા માટે બહેનોની ભરતી કરવાની થાય છે.

**કાર્યકરની ખાલી જગ્યા : ગાંધીનગર ઘટક-૧ - ૦ -**

**તેડાગરની ખાલી જગ્યા : ગાંધીનગર ઘટક-૧**

(૧) ખોરજ રેલવે સ્ટેશન (૧ જગ્યા) (૨) વાવોલ-૪ કુબેરનગર (૧ જગ્યા) (૩) સેક્ટર-૨૦ ગાંધીનગર વૉર્ડ નં.૪ (૧ જગ્યા) (૪) સેક્ટર-૨૭ ગાંધીનગર વૉર્ડ નં.૧ (૧ જગ્યા) (૫) અડાલજ-૬ રોહિતવાસ (૧ જગ્યા), (૬) સેક્ટર-૧૩ના છાપરા વૉર્ડ નં. ૭ (૧ જગ્યા), (૭) ઉવારસદ-૧ (પગીવાસ) (૧ જગ્યા), (૮) સરગાસણ-૨ પ્રાથમિક શાળાની બાજુમાં (૧ જગ્યા), (૯) શેરથા-૬ કસ્તુરીનગર (૧ જગ્યા)

**આગામી છ માસમાં ખાલી પડવાર કાર્યકર અને તેડાગરની જગ્યાઓ ગાંધીનગર ઘટક-૧માં**

**આંગણવાડી કાર્યકર :-** કોરવડા-૮ ઠાકોરવાસ પ્રાથમિક શાળાની પાછળ (૧ જગ્યા)

(કોલવડા કેન્દ્ર નંબર ૬ અને ૮ આંગણવાડી કાર્યકરની કેન્દ્ર અરસપરસ બદલી આપવાની માંગણીમાં. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની બહાલીની અપેક્ષાએ પસંદગી સમિતિએ ગ્રાહ્ય રાખી નિર્ણય લીધેલ છે.)

**આંગણવાડી તેડાગર :-** ૦

**આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યા :- ગાંધીનગર ઘટક-૨**

(૧) સુઘડ -૧

**આંગણવાડી તેડાગરની ખાલી જગ્યા : ગાંધીનગર ઘટક-૨**

(૧) જુના કોબા, (૨) રાંદેસણ, (૩) નભોઈ-૧

**આગામી છ માસમાં ખાલી પડનાર કાર્યકર અને તેડાગરની જગ્યા ઘટર-૨માં**

**આંગણવાડી કાર્યકર :-** (૧) મહુન્દ્રા-૨

**આંગણવાડી તેડાગર :-** (૧) ૦

**શૈક્ષણિક લાયકાત અને શરતો :-**

(૧) આંગણવાડી કાર્યકર માટે ઓછામાં ઓછુ ધોરણ ૧૦ અને આંગણવાડી તેડાગર માટે ધોરણ-૭ પાસ. શૈક્ષણિક લાયકાત આધાર રૂપે તમામ લાયકાતની માર્કશીટની પ્રમાણિત નકલ ફરજિયાત બિડવાની રહેશે.
(૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ (જાહેરાતની તારીખે)
(૩) મહિલા ઉમેદવાર પરણિત અને ગામના સ્થાનિક હોવા જોઈએ (રેશનકાર્ડની નકલ, ચૂંટણી કાર્ડની નકલ અને તલાટી કમ મંત્રીશ્રીનો દાખલો રજૂ કરવો.)
(૪) જન્મ તારીખની પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટની પ્રમાણિતનકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૫) લગ્ન નોંધણીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૬) આંગણવાડી કેન્દ્ર જે ગામ કે શહેરના ફળીયા, પરા, વૉર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા સ્થાનિક ઉમેદવાર એજ અરજી કરવાની રહેશે.
(૭) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતોવખત નિયમ અનુસાર માસિક માનદ વેતન મળવાપાત્ર રહેશે.
(૮) અરજદારે ઉમેદવારી કચેરીના નોટીસ બોર્ડ ઉપર લગાવેલ નમુનાના ફોર્મમાં અરજી કરવાની રહેશે.
(૯) અધુરી વિગત સાથે આવેલ અને સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.
(૧૦) અરજીમાં જાહેરાતમાં જણાવ્યા મુજબની પ્રમાણપત્રની પ્રમાણિત નકલો બિડવાની રહેશે. ત્યારબાદ પાછળથી કોઈપણ સર્ટી. / પ્રમાણપત્ર અરજીમાં લેવામાં આવશે નહિ.
(૧૧) પસંદગી અંગેના અધિકારો પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે. પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે તે અંગે કોઈ વાંધો કે તકરાર કરી શકાશે નહીં.

જાહેરાતની તારીખ અગાઉ કરેલ અરજીઓ રદ ગણાશે. જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયાતારીખથી દિન-૨૦માં સાધનિક કાગળો સાથે અરજી રજીસ્ટર પો.એ.ડી.થી મોકલવાની રહેશે.

**નોંધ : સાદી ટપાલ, કુરીયર, સ્પીડ પોસ્ટથી કે રૂબરૂમાં આપેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.**

**સહી/-**
**સભ્ય સચિવ**
**આંગણવાડી કાર્યકર અને હેલ્પર પસંદગી સમિતિ**
**બાળ વિકાસ યોજના અધિકારી**
**આઈ.સી.ડી.એસ. ગાંધીનગર ઘટક-૧-૨,**
**એમ.એસ. બિલ્ડીંગ, બી-બ્લોક, બીજો માળ,**
**ગાંધીનગર**

**સહી/-**
**અદયક્ષ**
**આંગણવાડી કાર્યકર અને હેલ્પર પસંદગી સમિતિ**
**પ્રાંત અધિકારીશ્રી**
**ગાંધીનગર**

**માહિતી/૬૯૯/૧૪-૧૫**